RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 306, Dt.15-02-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ચૂંટણી બોન્ડ ગેરબંધારણીયઃ રદ કરવા સુપ્રીમનો આદેશ



## કેન્દ્ર સરકારને ઝટકો આપતી સર્વોચ્ચ અદાલતઃ લોકસભા ચૂંટણી પૂર્વે જ રાજકીય ભંડોળ વિશે દુરગામી અસર કરતો મહત્વપૂર્ણ ચુકાદો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ચૂંટણી બોન્ડ મામલે સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકારને મોટો ઝટકો આપ્યો હોય તેમ ઈલેક્ટ્રોન બોન્ડને ગેરબંધારણીય જાહેર કર્યા છે અને ચૂંટણી બોન્ડ ઈસ્યુ કરનાર સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાને ૬ માર્ચ સુધીમાં તમામ માહિતી જાહેર કરવા અને ચૂંટણી પંચને ૩૧ માર્ચ સુધીમાં તે સતાવાર વેબસાઈટમાં મુકવાનો આદેશ કર્યો છે. ચૂંટણી બોન્ડ પર પ્રતિબંધ પણ મુકવાનો આદેશ કરવામાં આવ્યો છે.

સર્વોચ્ચ અદાલતે આજે ઉઘડતી કોર્ટે ચૂંટણી બોન્ડ સંબંધીત ચુકાદો જાહેર કર્યો હતો. સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડની અધ્યક્ષતા હેઠળની પાંચ જજોની બંધારણીય બેંચ દ્વારા સર્વાનુમતે આ ચુકાદો આપવામાં આવ્યો હતો. ચીફ જસ્ટીસે કહ્યું કે રાજકીય પ્રક્રિયામાં રાજકીય પક્ષો મહત્વપૂર્ણ એકમ છે. રાજકીય ભંડોળની માહિતી તે એવી પ્રક્રિયા છે કે જેનાથી મતદાનને પોતાનો મત આપવા માટે યોગ્ય પસંદગી મળે છે મતદારોને ચૂંટણી ભંડોળ વિશે જાણવાનો અધિકાર છે જેનાથી તે મતદાન માટે યોગ્ય પસંદગી કરી શકે.ચીફ જસ્ટીસે કહ્યું કે બે અલગ અલગ ચૂકાદા છે એક પોતે લખ્યો અને બીજો ન્યાયમૂર્તિ સંજય ખન્ના દ્વારા લખવામાં આવ્યો છે. પરંતુ આ બંને ચુકાદા સર્વોસમત છે. ચૂંટણી બોન્ડ માહિતી અધિકારના ઉલ્લંખન સમાન છે. સરકાર પાસે માહિતી માંગવી તે જનતાનો અધિકાર અને કર્તવ્ય છે. ચૂંટણી બોન્ડ યોજના અનુચ્છેદ ૧૯ (૧) ના ભંગ રુપ છે અને તેના કારણે ગેરબંધારણીય ઠરે છે. આ સાથે ચૂંટણી બોન્ડ યોજના રદ કરવામાં આવે છે. સર્વોચ્ચ અદાલત દ્વારા ચૂંટણી બોન્ડના છેલ્લા પાંચ વર્ષના હિસાબો પણ માંગવામાં આવ્યા છે. ૬ માર્ચ સુધીમાં ચૂંટણી બોન્ડ ખરીદનારા લોકોની વિગતો ચૂંટણી પંચને આપવા આદેશ કર્યો છે. અને ચૂંટણી પંચે આ માહિતી ૩૧ માર્ચ સુધીમાં વેબસાઈટ પર જાહેર કરવાનું પણ જણાવ્યું છે.

# ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજા ટેસ્ટમાં રોહીતે અંગ્રેજોની કરી ધોલાઈઃ ૧૧મી સદી ફટકારી

## ટી ટાઈમે ભારતનો સ્કોર ૩ વિકેટે ૧૮૫ઃ લંચ સુધીમાં ભારતે ગુમાવી ઝડપી ત્રણ વિકેટો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ ટેસ્ટ શ્રેણીની ત્રીજી મેચ રાજકોટમાં રમાઈ રહી છે. ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ નિરંજન શાહ સ્ટેડિયમમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું હતું. ધ્રુવ જુરેલ અને સરફરાઝ ખાને ડેબ્યૂ કર્યું હતું.

હાલમાં પ્રથમ દિવસે ત્રીજો સેશન ચાલુ છે. ટીમ ઈન્ડિયા તરફથી રોહિત શર્મા અને રવીન્દ્ર જાડેજા ક્રિઝ પર છે. રોહિતે તેની કારકિર્દીની ૧૧મી સદી ફટકારી છે.

જાડેજા તેની કારકિર્દીની ૨૧મી ફિફ્ટી રમી રહ્યો છે. તેણે રોહિત સાથે ૧૫૦+ રનની ભાગીદારી પણ કરી છે. ઈંગ્લેન્ડ તરફથી માર્ક વુડે ૨ અને ટોમ હાર્ટલીએ એક વિકેટ ઝડપી હતી.

રોહિત શર્માએ જો રૂટ સામે એક રન લઈને પોતાની સદી પૂરી કરી હતી. તેણે પોતાની ટેસ્ટ કારકિર્દીની ૧૧મી સદી ફટકારી હતી. ઈંગ્લેન્ડ સામે આ તેની ત્રીજી સદી હતી. રોહિતે ઈંગ્લિશ ટીમ સામે ૧૨ મેચમાં ૩ અડધી સદી પણ ફટકારી છે. તેણે ભારતમાં તેની ૯મી સદી ફટકારી હતી.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

ટીમ ઈન્ડિયાએ બીજા સેશનમાં ૯૩/૩ના સ્કોર સાથે આગળ વધી. રોહિત શર્મા અને રવીન્દ્ર જાડેજાએ ૧૦૦ રનની ભાગીદારી કરી હતી. થોડા સમય બાદ જાડેજાએ તેની ટેસ્ટ કારકિર્દીની ૨૧મી ફિફ્ટી ફટકારી હતી.

સત્રના અંત સુધીમાં ટીમનો સ્કોર ૧૮૫/૩ હતો. રોહિત ૯૭ અને જાડેજા ૬૮ રન બનાવીને નોટઆઉટ પરત ફર્યા હતા. ભારતે સેશનમાં ૯૨ રન બનાવ્યા હતા અને એક પણ વિકેટ ગુમાવી ન હતી.


રોહિત શર્માએ ૪૬મી ઓવરમાં જો રૂટ સામે સિક્સર ફટકારી હતી. તેણે લોંગ ઓન તરફ ઓવરના પહેલા જ બોલ પર સિક્સર ફટકારી હતી. આ તેની ઈનિંગની બીજી સિક્સર હતી.

# દિલ્હીમાં ખેડૂત આંદોલન ઉગ્ર બન્યુંઃ રેલ ટ્રેક જામ કરાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એમએસપી સહિત વિવિધ માંગોને લઈને દિલ્હીમાં છેલ્લા કેટલાક દિવસથી આંદોલન કરી રહેલા ખેડુતો દ્વારા આજે પંજાબમાં રેલ્વે ટ્રેક જામ કરવાની જાહેરાત કરી છે ત્યારે કેન્દ્રીય મંત્રીઓ અને ખેડૂત નેતાઓ વચ્ચે ચંદીગઢમાં આજે બેઠક યોજાનાર છે. જો બેઠકમાં વાત નહીં બને તો ખેડૂતોએ દિલ્હી કૂચની તૈયારી કરી લીધી છે.

દરમિયાન ખેડૂત નેતાઓએ જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદી અમારી સાથે વાત કરી જેથી અમે અમારી માંગોના નિરાકરણ સુધી પહોંચી શકીએ. આજે આંદોલનનો ત્રીજો દિવસ છે. પંજાબ અને હરિયાણાથી ખેડુતોના દિલ્હી ચલો માર્ચને લઈને રાષ્ટ્રીય રાજધાનીની બોર્ડરો પર સુરક્ષાદળોનો સખ્ત પહેરો છે. સીમાઓ પર મજબૂત કિલ્લેબંધી કરાઈ છે.ઉતાવળમાં એમએસપી કાયદો ન બની શકેઃ અર્જુન મુંડાઃ કૃષિમંત્રી મુંડાએ જણાવ્યું હતું કે ઉતાવળમાં એમએસપી કાયદો ન બની શકે. વાતચીતથી સમસ્યા ઉકેલાઈ શકે છે. આજે ત્રીજા તબકકાની બેઠકઃ કેન્દ્રીય મંત્રીઓ અને ખેડૂત નેતાઓ વચ્ચે આજે ત્રીજા દોરની બેઠક યોજાશે. આ મંત્રણા ચંદીગઢમાં યોજાશે. સરકાર તરફથી કેન્દ્રીય મંત્રીઓ પીયુષ ગોયલ અને અર્જુન મુંડા ખેડુતો સાથે વાતચીત કરશે.





# જમ્મુમાં એલઓસી પર પાકિસ્તાનનું ફાયરીંગઃ ભારતીય જવાનોનો વળતો જવાબ

## આગામી તા.૨૦મીએ જમ્મુમાં વડાપ્રધાન મોદીની રેલી પૂર્વે બનેલી ઘટના

**મુખ્ય સમાચાર, જમ્મુ**


કંગાળ થઈ ગયેલુ પાકિસ્તાન સુધરવાનું નામ નથી લેતું. પાકિસ્તાને ગઈકાલે સાંજે જમ્મુ-કાશ્મીર સીમા પર બીએસએફની ચોકી પર કારણ વિના ફાયરીંગ કર્યું હતું. જેનો ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. જો કે આ ફાયરીંગમાં કોઈ જાનહાની નથી થઈ.

પાકિસ્તાની રેન્જર્સે જમ્મુ-કાશ્મીર આંતરરાષ્ટ્રીય સીમા પર સંઘર્ષ વિરામનો ભંગ કરીને આર.એસ. પુરા સેકટરમાં સીમા સુરક્ષા દળ (બીએસએફ)ની એક ચોકી પર અકારણ ગોળીબાર કર્યો હતો. જેનો બીએસએફના જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો. જો કે આ ગોળીબારમાં કોઈ જાનહાની નથી થઈ.ઉલ્લેખનીય છે કે, આ પહેલા પણ ૨૭ ઓકટોબરે પાકિસ્તાને ગોળીબાર કર્યો હતો જેમાં બે જવાન અને એક મહિલા ઘાયલ થયા હતા. ગઈકાલે ફાયરીંગની ઘટના એવા સમયે બની છે જયારે ૨૦મી ફેબ્રુઆરીએ વડાપ્રધાન મોદી જમ્મુમાં ૨૦મી ફેબ્રુઆરીએ રેલીને સંબોધન કરનાર છે.



# યુએઈમાં રચાયો ઈતિહાસઃ વડાપ્રધાન મોદીના હસ્તે પ્રથમ હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન

## અબુધાબીમાં બનેલું સ્વામિનારાયણ મંદિર વિવિધતામાં એકતાનો વિચારઃ નરેન્દ્ર મોદી








**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગઈકાલે યુએઈના અબુધાબીમાં ઈતિહાસ રચાયો હતો. અક્ષર પુરુષોત્તમ સંસ્થા દ્વારા નિર્માણ કરાયેલાં પ્રથમ હિન્દુ મંદિરને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ખુલ્લુ મુકાયું હતું. બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ) દ્વારા નિર્મિત આ હિંદુ મંદિર લગભગ ૨૭ એકર જમીન પર બનાવવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૯થી આ મંદિર નિર્માણ કાર્ય જારી છે. આ મંદિર માટે યુએઈ સરકાર જમીન દાન કરી છે. આ મંદિરની અંદર વિવિધ દેવતાઓના પણ મંદિર છે.

આ ભવ્ય મંદિરની અંદર સાત મંદિર છે, જેમાંથી પ્રત્યેક ભારતના ઉત્તર, પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ ભાગોના વિવિધ દેવતાઓને સમર્પિત છે. આમાં ભગવાન રામ અને સીતા, ભગવાન હનુમાન, ભગવાન શિવ-પાર્વતી અને ગણેશ-કાર્તિકેય, ભગવાન જગન્નાથ, ભગવાન કૃષ્ણ અને રાધા, શ્રી અક્ષર પુરુષોત્તમ મહારાજ, ભગવાન તિરુપતિ બાલાજી અને ભગવાન અયપ્પા સામેલ છે.


દુબઈ-અબુધાબી શેખ જાયેદ હાઈવે પર અલ રહબા સમીપ સ્થિત બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ) દ્વારા નિર્મિત આ મંદિરના આગળના ભાગે રેતીના પથ્થરની પૃષ્ઠભૂમિ પર આરસની ઉત્કૃષ્ટ કોતરણી છે, જેને રાજસ્થાન અને ગુજરાતના કુશળ કારીગરો દ્વારા ૨૫,૦૦૦થી વધુ પથ્થરોના ટુકડામાંથી તૈયાર કરવામાં આવ્યું છે. આ ભવ્ય મંદિર માટે ઉત્તરી રાજસ્થાનથી સારા પ્રમાણમાં ગુલાબી રેતીના પથ્થરો અબુ ધાબી લાવવામાં આવ્યો છે.

વડાપ્રધાન મોદીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો-મહંતો પદાધિકારીઓની હાજરીમાં જણાવ્યું હતું કે મારા મિત્ર રાષ્ટ્રપતિ ઝાયદનું વિઝન છે વી આર ઓલ બ્રધર્સ. તેમણે અબૂ ધાબીમાં હાઉસ ઓફ અબ્રાહમ ફેમિલી બનાવ્યું છે. અબૂ ધાબીમાં ભગવાન સ્વામીનારાયણ મંદિર વિવિધતામાં એકતાના તે વિચારને વિસ્તૃત કરે છે.

આજે આ ભવ્ય જગ્યાએથી હું એક વધુ ખુશખબરી આપવા માંગુ છું. આજે સવારે યુએઈના ઉપરાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન રાશિદે દુબઈમાં ભારતીય શ્રમિકો માટે એક હોસ્પિટલ બનાવવા માટે જમીન આપવાની જાહેરાત કરી છે. હું તેમનો અને મારા ભાઈ રાષ્ટ્રપતિ નાહયાનનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું.'ીએમ નરેન્દ્ર મોદીએ હિન્દુ મંદિરનું ઉદઘાટન બાદ કહ્યું કે આજે યુએઈએ ઈતિહાસ રચી દીધો છે. તેમાં વર્ષોની મહેનત જોડાયેલી છે.

# સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. સ્ટેડિયમ હવે બન્યુ નિરંજન શાહ સ્ટેડિયમ

## ભારતીય ક્રિકેટ બોર્ડના સચિવ જય શાહના હસ્તે કરાયું નિરંજન શાહ સ્ટેડિયમ નામકરણઃ નિરંજનભાઈનું ક્રિકેટ માટે અમુલ્ય યોગદાનઃ સૌરાષ્ટ્રના ખેલાડીઓનું સન્માન કરતાં લેજન્ડસ










(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગઈકાલે રાજકોટ જામનગર હાઈવે પર આવેલ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.સ્ટેડિયમનું હવે નિરંજન શાહ સ્ટેડિયમ નામકરણ કરવામાં આવ્યું હતું. ભારતીય ક્રિકેટ બોર્ડના સચિવ જયભાઈ શાહ તથા નિરંજનભાઈ શાહ, જયદેવભાઇ શાહ અને પરિવારજનો દ્વારા આઈપેડ પર બટન દબાવીને નામકરણ કરાયું હતું. લોર્ડ્ઝના મીડિયા બોક્સ જેવું જ દેખાતું રાજકોટ સ્ટેડિયમનું મીડિયા બોક્સ પર સોનરી પડદો પડ્યો અને નિરંજન શાહ સ્ટેડિયમ સૌને નજરે આવ્યું અને જાહેરાત કરવામાં આવી.

ત્યારબાદ ખૂબ જ અદભુત ઓલિમ્પિક્સ જેવી આતશબાજી કરવામાં આવી હતી. તમામ આમંત્રિત લોકોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપી આ ક્ષણને વધાવી. નિરંજનભાઈ ના અમૂલ્ય યોગદાનને તમામ ક્રિકેટરો - પૂર્વ ક્રિકેટરોએ બિરદાવી. ગઈકાલે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.ના સ્ટેડિયમનું નિરંજન શાહ સ્ટેડિયમ નામકરણ સમારોહમાં લેજન્ડ સુનીલ ગાવસ્કરે સંબોધન કર્યું હતું. તેઓએ ૧૯૭૨ થી નિરંજનભાઈ સાથેના સંસ્મરણો વાગોળ્યા અને જ્યારે તેઓ રાજકોટમાં રમવા આવ્યા હતા અને મેટીંગ વિકેટ પર રમ્યા હતા. તેઓએ રમૂજમાં કહ્યું કે મુંબઈ અને સૌરાષ્ટ્રની ટીમ રમી જેમાં કરસન ઘાવરીએ ઘાતક બોલિંગ કરી હતી અને મુંબઈ સામે સૌરાષ્ટ્રની જીત થઈ હતી. ત્યારે કેપ્ટન અજિત વાડેકરે કહ્યું કે કરસનભાઈને મુંબઈ રણજી ટીમમાં સામેલ કરો. તેથી તેવું બન્યું કે પછીના વર્ષે કરસનભાઈ મુંબઈ માટે રમ્યા અને હવે સૌરાષ્ટ્ર સામે મેચ હતો. અને સૌરાષ્ટ્રને ઘાતક બોલિંગનો સામનો કરવો પડ્યો અને સૌરાષ્ટ્ર મેચ હારી. ગઈકાલે રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં BCCI સચિવ જય શાહ ઉપસ્થિત હતા અને તેઓએ સંબોધન કર્યું. તેઓએ સંબોધનની શરૂઆત કરતા કહ્યું કે ગાવસ્કર ગુજરાતીમાં બોલ્યા, રોહિત અને રાહુલને ગુજરાતી સમજાતું જ હશે તેથી હું ગુજરાતીમાં બધાને સંબોધન કરું છું. ત્યારબાદ તેઓએ નિરંજનભાઈના યોગદાનને અમૂલ્ય ગણાવ્યું અને બિરદાવ્યું હતું.

તેઓએ કહ્યું કે નિરંજન ભાઈ એક માત્ર વ્યક્તિ છે જેને નરેન્દ્ર મોદી સ્ટેડિયમના નિર્માણ વખતે ફંડ મોકલવાની તૈયારી દર્શાવી હતી. હકીકત એ છે કે ૨૦૧૭ થી ૨૦૧૯ વચ્ચે ક્રિકેટ બોર્ડમાં કમિટી ઓફ એડવાઈઝર નિમણુંક કરી હતી. ત્યારે તેઓ ફંડ અટકાવ્યા તેથી મોદી સ્ટેડિયમ નિર્માણ પણ અટક્યું હતું. પણ ૨૮ એસો.માંથી એક માત્ર નિરંજનભાઈ હતા જેઓએ ફંડ ફાળવવાની તૈયારી દર્શાવી હતી.

આ સાથે જય શાહે કહ્યું કે ૨૦૨૩ ફાઈનલમાં હાર બાદ તમામ ઈચ્છતા હતા કે હું કંઈ કહું, પરંતુ હું કહેવા માંગુ છું કે સળંગ ૧૦ જીત બાદ આપણે ફાઈનલ મેચ ભલે હાર્યા પણ હજારો લોકોના દિલ જીત્યા છે. અને સાથે તે પણ જાહેરાત કરી કે આગામી ટી ૨૦ વર્લ્ડ કપ રોહિત શર્મા ની કેપ્ટનશિપમાં જ રમાશે.

# જામનગર–ખરેડીમાંથી પાંચ વર્લીબાઝ ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના શંકરટેકરી વિસ્તાર શાસ્ત્રીનગરમાં વર્લી મટકાનો જુગાર રમતા બે શખ્સોને એલસીબીએ ૧૪૪૦૦ના મુદામાલ સાથે પકડી લીધા હતા, જયારે કાલાવડના ખરેડી બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં વર્લી મટકાનો જુગાર રમતા ૩ શખ્સ ઝપટે ચડયા હતા.

જામનગર જીલ્લા એસપી પ્રેમસુખ ડેલએ જામનગર જીલ્લામાંથી દારુ, જુગારની બદી નેસ્ત નાબુદ કરવા પ્રોહીબીશન તથા જુગારધારાના કેશો શોધી કાઢવા અંગે સુચના કરેલ હોય, જેથી એલસીબી ઇન્ચાર્જ પીઆઇ ચૌધરીના માર્ગદર્શન મુજબ પીએસઆઇ આર.કે. કરમટા, પીએસઆઇ પી.એન. મોરી તથા સ્ટાફના માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.દરમ્યાન સ્ટાફના કિશોરભાઇ પરમાર તથા ધાનાભાઇ મોરી તથા ધર્મેન્દ્રસિંહ જાડેજાને મળેલ ખાનગી હકીકત આધારે જામનગર શહેરમાં શંકરટેકરી શાસ્ત્રીનગર નવી નિશાળ પાછળ રોડ પર આંકડા લખનાર હનીફ આમદ ખફી (ઉ.વ.૪૦) રહે. શંકરટેકરી શાસ્ત્રીનગર નવી નિશાળ પાછળ, મહેશ મનસુખ વાઘેલા (ઉ.વ.૩૦) રહે. ગોકુલનગર પ્રજાપતીની વાડી પાછળ જામનગર વાળો જાહેરમાં વર્લી મટકાના આંકડા લખી જુગાર રમાડી પૈસાની હારજીત કરી જુગાર રમતા વર્લી મટકાના સાહિત્ય તથા રોકડા રુા. ૧૧૪૦૦ તથા મોબાઇલ-૨ કિ. ૩૦૦૦ મળી કુલ ૧૪૪૦૦ના મુદામાલ સાથે મળી આવતા પકડી પાડી આરોપીઓ વિરુધ્ધ પો.કોન્સ કલ્પેશભાઇ મૈયડએ ફરીયાદ રીપોર્ટ આપતા હેડ કોન્સ ક્રિપાલસિંહ જાડેજાએ સીટી-સી ડીવીઝનમાં જુગારધારા કલમ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત કાલાવડ ગ્રામ્ય પોલીસની ટુકડી પેટ્રોલીંગમાં હતી ત્યારે ખરેડી બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં વર્લી મટકાનો જુગાર રમતા ખરેડીના અને મુળ દાહોદના દિનેશ પાનસીંગ સંગોડ, શૈલેષ સુકીયા સંગોડ તથા ખરેડી ગામના હસમુખ જમન ધામેચા આ ત્રણેયને રોકડ ૧૨૧૦, ૩ મોબાઇલ, આંકડા લખેલી ચિઠ્ઠી મળી કુલ ૭૨૧૦ના મુદામાલ સાથે દબોચી લીધા હતા.

# જામનગર પંચાયતના કર્મચારીઓએ જૂની પડતર માંગણીઓને લઈને કાળીપટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યુ






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પંચાયતના કર્મચારીઓએ જૂની પડતર માંગણીઓને લઈને કાળીપટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યો હતો. ગુજરાત રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘ દ્વારા રાજયભરના વિવિધ સંવર્ગના કર્મચારીઓના હિતાર્થે કર્મચારીઓના મુખ્ય પ્રશ્ન જૂની પેન્શન યોજના, ફિકસ પગાર નીતિ દૂર કરવા સહિતના પ્રશ્નો અંગે સરકાર સમક્ષ વારંવાર રજૂઆત બાદ પણ રાજ્ય સરકાર દ્વારા કોઈ નિરાકરણ ન કરવામાં આવતાં રાજયભરના પંચાયતના કર્મચારીઓની સાથે જામનગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમજ જો પડતર પ્રશ્નો નહીં ઉકેલવામાં આવે તો આગામી તા. ૨૩મી ફેબ્રુ. એ ગાંધીનગર ખાતે ધરણાં કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.ગુજરાત રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘના આદેશ અનુસાર રાજ્યમાં ફરજ પર બજાવતા પંચાયતી કર્મચારીઓના જુદા જુદા પ્રશ્નોને લઈને આજે વિવિધ આંદોલનાત્મક કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે જામનગર જિલ્લા પંચાયતના તમામ કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી હતી અને પોતાની ફરજ પર હાજર રહ્યા હતા.જિલ્લા પંચાયત કર્મચારી મંડળના સભ્યો દ્વારા પોતાની અલગ અલગ ૪ માગણીઓ કરવામાં આવી હતી. જેમાં ૧-૪-૨૦૨૪ પહેલાના કર્મચારીઓને જૂની પેન્શન યોજના આપવા બાબત તેમજ કેન્દ્ર સરકારના ધોરણે પીએફમાં ૧૦% ને બદલે સરકારનો ફાળો ૧૪% કરવા અને બીએના સ્લેબમાં વધારો કરવા ઉપરાંત કેન્દ્રના કારણે અન્ય ભથ્થાઓ સાતમા પગાર પંચ મુજબ કરી આપવાની વિવિધ માંગણીઓ સાથે લડત કરવામાં આવી રહી છે જે પ્રશ્નનો આજ સુધી નિરાકરણ આવ્યું ન હોવાથી ગુજરાત રાજ્ય પંચાયત કર્મચારી મહાસંઘના આદેશ અનુસાર કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કરવામાં આવ્યો હતો.

# મોરબી–બરેલી ટ્રેઈન શરૂ કરવા ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા લેખિત રજૂઆત કરાઈ

## મોરબી–બરેલી વચ્ચે ભુતકાળમાં ટ્રેઈન શરૂ કરવા બાંહેધરી અપાઈ હતી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-બરેલી રૂટની ટ્રેઈન શરૂ કરવા મોરબી જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ દ્વારા વેસ્ટર્ન રેલ્વે મુંબઈ મેઈન કચેરીના જનરલ મેનેજરને લેખિત રજૂઆત કરવામાં આવી છે આ સાથે આ લેખિત રજૂઆતની રેલ્વે મંત્રી, સાંસદ કચ્છ-મોરબી, પ્રમુખ મોરની ચેમ્બર્સ ઓફ કોમર્સ પ્રમુખ તથા મોરબી-માળીયા ધારાસભ્યને નકલ રવાના કરી પ્રજા સુખાકારી માટે માંગણી સાથે રજૂઆત કરાઈ છે.

ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ લાલજીભાઈ મહેતા દ્વારા લેખિત રજુઆતમાં જણાવાયું હતું કે મોરબી ઔદ્યોગીક શહેર છે અહીં યુ.પી., એમ.પી., રાજસ્થાન, બિહાર તથા અન્ય રાજ્યોના શ્રમીકો, વેપારી અને ગ્રાહકો આવે છે. મોરબીનું રેલ્વે પેસેંજરનું કલેકશન દરરોજનું અંદાજે ત્રીસ હજાર જેટલું છે ત્યારે આર્થિક રીતે રેલ્વેને ફાયદાકારક છે જો પ્રજાની સવલત માટે અને રેલ્વેને આર્થિક લાભ માટે મોરબી-બરેલી ટ્રેઈન ચાલુ થાય તો વધારે સારું રહેશે. ભુતકાળમાં મોરબી-બરેલી ચાલુ થશે તેની માહીતી ટાઇમ ટેબલમાં આવી ગઇ હતી પરંતુ એકાએક શું થયુ કે ટ્રેઈન ચાલુ થઈ નહીં. મોરબીનું રેલ્વે સ્ટેશન અધતન બને છે પરંતુ પ્રજાની સગવડતાને નામે મીંડુ છે જેટલી વધારે પેસેંજર ટ્રેઈન ચાલુ થશે તેટલી પ્રજાને સવલત અને રેલ્વેને આર્થિક ફાયદો થશે તો પ્રજાની માંગણી લઇને મોરબી બરેલી ટ્રેઇન શરૂ કરશો તેવી અપેક્ષાસહ માંગણી સાથે રજૂઆત કરવામાં આવી હતી.

# રાજુલા વિસ્તારના ગામડાઓમાં વન વિભાગ દ્વારા સિંહોને બચાવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા વિસ્તારના ગામડાઓમાં વન વિભાગ દ્વારા સિંહોને બચાવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે રાજુલા પીપાવાવ રેલવે ટ્રેક પર અવારનવાર સિહોના અકસ્માતની ઘટના બને છે અને સિંહો મૃત્યુ પણ પામે છે ત્યારે રેલ્વે ટ્રેક પર સિંહોના મોત બાદ શેત્રુંજી ડિવિઝન વન વિભાગે લોકોને વિસ્તૃત માહિતી આપી સિહોને બચાવવા અભિયાન હાથ ધરાયું છે અને રાજુલા તાલુકાના ૧૫ જેટલા ગામડા જેમાં ભેરાઈ, રામપરા,ઉચૈયા,કડીયાળી, બર્બટાણા,ચારોડિયા,વાવેરા, રીંગણયાળા, વડલી, ડુંગર,છાપરી





ડુંગરપરડા સહિતના ગામામો રાજુલા રેંજ આર એફ ઓ યોગરાજ સિહ રાઠોડ, ઇન્ચાર્જ એસીએફ જી એલ વાઘેલા સહીત અધિકારીઓ દ્વારા ગામડાના ખેડૂતો અને સ્થાનિકોને જાગૃત કરવા બેઠક યોજી વિસ્તૃત માહિતી સાથે પત્રિકાઓ મારફતે તમામ ઓફિસરો અને ફિલ્ડમાં કામ કરતા કર્મચારીઓના નંબર જાહેર કરવામાં આવ્યા હતા અને સિંહો રેલ્વે ટ્રેક નજીક પહોંચે એટલે તાત્કાલિક વન વિભાગને જાણ કરવા સ્થાનિકોને અપીલ કરાઈ હતી અને સિંહોને બચાવવા હાલ વન વિભાગે અભિયાન ચાલુ કર્યું છે ત્યારે ખેડૂતો અને સ્થાનિકોએ પણ આ અભિયાનમાં જોડાય સમર્થન આપ્યું હતું

# મોરબીના જુના મકનસર ગામે પારકા બાઈકના અકસ્માતમાં નુકસાનીના પૈસા માંગી માતા–પુત્ર ઉપર હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જુના મકનસર ગામે પારકા મો.સાયકલને અકસ્માતમાં થયેલ નુક્સાનીના વળતરના રૂપિયાની ઉઘરાણી કરી માતા-પુત્ર ઉપર લાકડાના ધોકા વડે હુમલો કરી મહિલાને ફ્રેકચર જેવી ઇજા પહોંચાડનાર વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઇ હતી.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના જુના મકનસર ગામે રહેતા ગીતાબેન હરીભાઇ કાનાભાઇ પરમાર જાતે ઉવ-૪૦ એ આરોપી પ્રવિણભાઇ વાલજીભાઇ પરમાર રહે.જુના મકનસર તાલુકો જિલ્લો મોરબી વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગીતાબેનના દીકરા ભાવેશભાઇ આજ થી આશરે બે ત્રણ વર્ષ પહેલા આરોપી પ્રકાશ વાલજીભાઇ પરમારના મિત્ર હેમંતનું મોટર સાયકલ લઇ ગયેલ અને એક્સીડેન્ટ થતા નુકશાન થયેલ હોય જેનો ખર્ચ હેમંતએ માંગ્યો ના હોય કે હાલ હેમંત અહીં રહેતો પણ ના હોવા છતા ગઈ તા. ૧૩/૦૨ના રોજ રાત્રીના આશરે સાડા આઠ વાગ્યાના અરસામાં ગીતાબેનના રહેણાંક પાસે આરોપી પ્રકાશએ ગીતાબેનના દીકરા ભાવેશભાઇ પાસે મો.સા.ના એક્સીડેન્ટના ખર્ચના પૈસા માંગી ઝઘડો કરી માતા-પુત્રને ભુંડાબોલી ગાળો આપી આરોપી પ્રકાશે ગીતાબેનને લાકડાનો ધોકો મારી હાથમાં ફ્રેક્ચરની ઇજા કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે આરોપી સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા વેલેન્ટાઈન ડેની વાત્સલ્ય દિવસ તરીકે ઉજવણી

## મોરબીમાં ૧૩૫ જેટલા ગરીબ બાળકોએ વૈભવી કારમાં કરી શહેરની રોમાંચક સફરઃ ગરીબ બાળકોને લક્ઝુરિયસ કારમાં ફરવાના આનંદની અનુભૂતિ કરાવી પ્રેમથી ભાવતા ભોજનીયા કરાવ્યા







**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબીમાં દરેક તહેવારોની ભારતીય સંસ્કૃતિને અનુરૂપ ગરીમાંસભર ઉજવણી કરવા માટે જાણીતા યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા આજે પ્રેમના પર્વ વેલેન્ટાઈન ડેની વાત્સલ્ય દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યંગ ઇન્ડિયા ગ્રુપે ખાસ કરીને ગરીબ બાળકોના મોંઘી કારમાં બેસીને શહેરભરમાં ફરીને આનંદની અનુભૂતિ કરવાના સ્વપનને સાકાર કર્યું હતું. ઉધોગકારોના સાથ સહકારથી ગરીબ બાળકોને વૈભવી કારમાં બેસાડી શહેરભરની રોમાંચક સફર કરાવી હતી. બાદમાં ગરીબ બાળકોને વૈભવી હોટલમાં ભાવતા ભોજનીયા કરાવીને બીજાની ખુશીમાં જ આપણી ખુશી હોવાના ભારતીય સંસ્કૃતિનું મૂળ ભાવાર્થને ખરાઅર્થમાં ચરિતાર્થ કર્યો હતો.

મોરબીમાં યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા સતત છઠા વર્ષે આજે વેલેન્ટાઈન ડેની વાત્સલ્ય દિવસ તરીકે અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને નાના નાના વાહનોમાં જ અત્યાર સુધી મુસાફરી કરી હોય એવા ઝૂંપટપટ્ટીઓમાં રહેતા ગરીબ બાળકોને વૈભવી કારમાં બેસીને મોજ માનવાનું જીવનનું મહત્વનું સ્વપન હોય છે. આવા બાળકો કદી જ મોંઘી કારમાં બેસીને આનંદ માણ્યો હોતો નથી. તેથી, આવા બાળકોના સ્વપનને સાકાર કરવા માટે યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા વેલેન્ટાઈન ડેની વાત્સલ્ય દિવસ તરીકે ઉજવણી કરી ગરીબ બાળકોને સાચી રીતે વ્હાલ કરીને તેમને અનોખો આનંદ આપવા માટે જોય રાઈડ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અદ્દભુત જોય રાઈડ્સનું શહેરના શનાળા રોડ સ્કાઇ મોલ પાસેના ગ્રાઉન્ડ ખાતેથી આજે પ્રસ્થાન કરવામાં આવ્યું હતું અને મહાનુભાવોએ આ જોય રાઈડ્સને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવતા અનેક ઉધોગકારો પોતાની વૈભવી કારોના મોટા કાફલા સાથે જોડાયને ગરીબ બાળકોને લક્ઝુરિયસ કારમા બેસાડીને શહેરભરની રોમાંચક સફર કરાવી હતી. જો કે આશરે ૧૩૫ જેટલા ગરીબ બાળકોનું ચાર ચાર બંગડી વાડી ગાડીમાં બેસીને ફરવાની મોજ માણવાનું સ્વપન સાકાર થતા આ બાળકોમાં ખુશીની કોઈ સીમા રહી ન હતી. આ વૈભવી કારની જોય ઓફ રાઈડ્સની શાનદાર સવારી શહેરભરમાં ફરી હતી. જેમાં બેઠેલા બાળકોએ કારમાં ઉભા ઉભા જ કિલકારીઓ કરીને અનોખા આનંદની અનુભૂતિ કરી હતી. શહેરના મોટાભાગના માર્ગો પર વૈભવી કારમાં ફરીને ગરીબ બાળકોએ આનંદનો ખજાનો લૂંટયો હતો.

# જામનગર જિલ્લામાંથી વધુ એક બોગસ ડોક્ટર ઝડપાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાંથી વધુ એક બોગસ ડોક્ટર ઝડપાયો.જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એસઓજી પોલીસ પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે એસઓજી પોલીસ સ્ટાફના દિનેશ સાગઠીયા તથા હર્ષદભાઈ ડોરીયા અને તોસિફ તાયાણીને ચોક્કસ હકીકત મળી હતી કે જામનગર દ્વારકા હાઇવે પર આવેલ મેઘપર ગામે પતરા માર્કેટમાં એક શખ્સ મેડિકલ ડોક્ટરને લગતી ડિગ્રી ધરાવતો ન હોવાથી દવાખાનુ ચલાવી રહ્યો છે અને દર્દીઓને તપાસી ને અલગ અલગ પ્રકારની દવાઓ તેમજ ઇન્જેક્શન આપી તેમ જ બાટલાઓ ચડાવી પૈસા વસૂલ કરે છે.એસઓજી પોલીસે મેઘપર ગામમાં પતરા માર્કેટમાં બોગસ દવાખાનુ ચલાવતો અવજીત અઘીરભાઈ બિશ્વાસ નામના શખ્સને ઝડપી પાડ્યો અને તેની પાસેથી જુદી-જુદી કંપનીઓની દવાઓ,બાટલા ,ઇન્જેક્શન,સ્ટેથોસ્કોપ, બીપી માપવાનું મશીન વગેરે કબજે કરી કુલ કિંમત રૂપિયા ૪૫૪૭ નો મુદ્દામાલ કબજે કરી આરોપી વિરુદ્ધ મેઘપર પડાણા પોલીસ સ્ટેશનમાં પાર્ટ-બી મુજબ મેડિકલ પ્રેક્ટીનર્સ એક ૧૯૬૩ ની કલમ ૩૦ તથા આઈ.પી.સી કલમ ૩૩૬ મુજબ પોલીસ એડ કોન્સ્ટેબલ હર્ષદકુમાર હીરાલાલ ડોરીયા એ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

# જામનગરના ચેતન ભાંભી દ્વારા કરાયેલી રજૂઆતની નોંધ લેવાઈ

## જામનગર જીલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં ડો.બાબા સાહેબ આંબેડકરની છબી મૂકાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના જાગૃત સામાજિક કાર્યકર ચેતનકુમાર ભાંભી દ્વારા જામનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં ભારતરત્ન કાયદા મંત્રી ભારતીય સંવિધાન રચયિતા ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની છબી મૂકવા બાબતે લેખિતમાં ઉચ્ચકક્ષાએ રજૂઆત રેન્જ IG રાજકોટ અને જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુને ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી હતી ચેતનકુમાર ભાંભી દ્વારા લેખિતમાં કરેલ રજૂઆતના પરિણામ સ્વરૂપે રેન્જ IG રાજકોટ દ્વારા ગંભીરતા પૂર્વક નોંધ લઈ ભારતીય સંવિધાન રચયિતા ડો બાબા સાહેબ આંબેડકર ની છબી જામનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં રાખવા માટે લેખિત પત્ર દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો.પરિણામ સ્વરૂપે જામનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનમાં ભારતીય સંવિધાન રચયિતા ડો. બાબા સાહેબ આંબેડકરની છબી રાખવામાં આવી છે.જામનગર જિલ્લાના જાગૃત નિષ્ઠાવાન સમાજ પ્રેમી સામાજિક કાર્યકર ચેતનકુમાર ભાંભી દ્વારા રેન્જ ઈંત્રદ્ર અને જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુનો ખુબ ખુબ હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# જામનગરની એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા જી.જી. હોસ્પિટલમાં રૂ ૧.૬૦ કરોડનાં મશીનોનું દાન કરાયું





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ જામનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે સમાજમાં ખૂબ મોટા સ્થાન પર ડોક્ટર તરીકે ફરજ બજાવે છે તેઓ દ્વારા તા.૨૭/૦૧/૨૦૨૪ના સંસ્થાની મુલાકાત લેવામાં આવી હતી. આ ભૂતપૂર્વ ડોક્ટરો સંસ્થાનું ઋણ ચૂકવવા તથા દર્દીલક્ષી સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાની ભાવનાથી જી. જી. સરકારી હોસ્પિટલ અને. એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ જામનગરને વારંવાર મદદ કરતા હોય છે. જેના ભાગરૂપે જી. જી સરકારી હોસ્પિટલને રૂ ૧.૬૦ કરોડના મશીનોનું અમૂલ્ય દાન યુએસએમાં વસતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી આપવામાં આવ્યું છે.આ દાનમાં મળેલા મશીનોમાં મેમોગ્રાફી મશીન-બ્રેસ્ટ કેન્સરના નિદાન માટે, ઇકો મશીન- હૃદય રોગના નિદાન માટે, બાયોકેમેસ્ટ્રી એનેલાઇઝર- દર્દીઓની રૂટીન લોહીની તપાસ માટે મુખ્યત્વે છે. જે સંસ્થા અને દર્દીઓ માટે ખૂબ જ લાભદાયી છે.મેમોગ્રાફી મશીનની મદદથી ૪૦૦૦ જેટલી મહિલાઓની તપાસ કરવામાં આવી અને બ્રેસ્ટ કેન્સર લગત નિદાન કરવામાં આવ્યું છે. ઇકો કાર્ડિયોગ્રાફી મશીનની મદદથી રોજ ૮૦ જેટલા લોકો ઇકો તપાસ કરવા માટે સંસ્થા ખાતે આવે છે. અને હૃદયરોગ નું નિદાન કરવામાં આવે છે. બાયોકેમેસ્ટ્રી એનેલાઇઝર દ્વારા અત્યાર સુધી ૬૦ લાખ જેટલા લોહીના પરીક્ષણો કરવામાં આવ્યા છે. જે દર્દીઓના નિદાન માટે અને સારવાર માટે ખૂબ જ ઉપયોગી રહેલ છે.આ ઉપરાંત સંસ્થાના આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી હાલના ૪૨ જેટલા વિદ્યાર્થીઓને ₹૬૦,૦૦૦ પ્રતિ વિદ્યાર્થી.પ્રતિ વર્ષ જેટલી સ્કોલરશીપ પણ આપવામાં આવે છે. જે તેમના ભણતર અને ઘડતરમાં ખૂબ જ ઉપયોગી ભાગ ભજવે છે. સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેઓ હાલમાં પોતાના કાર્યક્ષેત્રમાં તબીબ તરીકે ખૂબ જ મોટું નામ ધરાવે છે તેઓ દ્વારા મળેલ આ દાન સંસ્થા, દર્દીઓ તથા વિદ્યાર્થીઓ માટે ખૂબ જ મહત્વનું, ઉપયોગી અને પ્રેરણાદાયી છે.ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા મળેલ દાનનું સંકલન કરનાર.ડો. સુમન પંડ્યા દ્વારા કરવામાં આવ્યું છે. અને ડો. પી. સી. રાજુ, ડો. સ્નેહલતા અને ડો. સુમંત પંડયા, ડો. જયેશ જોશી, ડો. પિયુષ માટલિયા અને ડો. ગાયત્રી ઉપાધ્યાય ઠાકર, ડો સુરેશ ઠાકરને ડીન નંદીનીબેન દેસાઈ અને વિવિધ ફેકલ્ટી દ્વારા આવકારવામાં આવ્યા છે.

# ઉપલેટામાં આહીર સમાજ દ્વારા આયોજીત ક્રિકેટ ટુર્નામેન્ટ અદ્રીની મહાકાળી ઈલેવન બની વિજેતા ટીમ

## વિજેતા ટીમને મહાનુભવો તેમજ આગેવાનોના હસ્તે રોકડ પુરસ્કાર અને ઈનામ આપી સન્માનિત કરાયા





**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટા:** ઉપલેટા શહેરના ભગતસિંહજી તાલુકા ટાવરના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સમસ્ત આહિર સમાજ યદુનંદન ગ્રુપ ઉપલેટા દ્વારા સ્મૃતિ કપ-૨૦૨૪ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ મેચના આયોજનની અંદર ફાઇનલ મેચમાં અદ્રીની મહાકાળી ઇલેવન સામે નમસ્તે બાયપાસ વેરાવળ ઇલેવન ટીમ વચ્ચે ફાઇનલ મેચ રમવામાં આવ્યો હતો મહાકાળી ઇલેવન વિજેતા બની હતી જે બાદ વિજેતા ટીમને સમાજના આગેવાનો, અગ્રણીઓના હસ્તે રોકડ પુરસ્કાર તેમજ ઇનામ આપી સન્માનિત કરાયા હતા.

ઉપલેટા શહેરમાં આહીર સમાજ દ્વારા યોજવામાં આવેલ આ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન ઉપલેટા આહીર સમાજના મહાન આગેવાન સ્વ. જેઠાભાઈ ડેર, સ્વ. રાજાભાઈ સુવા, સ્વ. રામભાઈ સુવા, સ્વ. કારાભાઈ આર. સુવા, સ્વ. કારાભાઈ કે. સુવાની સ્મૃતિમાં યોજવામાં આવ્યો હતો જેમાં કુલ ૨૫ જેટલી ટીમો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો જે ક્રિકેટ ટુર્નામેન્ટ તા. ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૪ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી યોજવામાં આવ્યો આવેલ હતો ત્યારે ફાયનલ મેચ રવિવારે યોજાતા ક્રિકેટ પ્રેમી જનતા અને ક્રિકેટરો આ મેચને જોવા ગ્રાઉન્ડ ફરતે મોટી સંખ્યામાં જોડાયા હતા.

ઉપલેટા ખાતે યોજાયેલ આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફાઇનલ મેચમાં અદ્રીની મહાકાળી ઇલેવન વિજેતા થતા તેમને રોકડ પુરસ્કાર અને ટ્રોફી સમાજના આગેવાનો તેમજ અગ્રણીઓના હસ્તે આપીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું ત્યારે ઉપલેટામાં સમસ્ત આહિર સમાજ દ્વારા આયોજિત આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ક્રિકેટ રસિયાઓ બહોળી સંખ્યામાં ક્રિકેટ મેચ દરમિયાન જોવા મળ્યા હતા અને ફાઇનલ મેચમાં ગ્રાઉન્ડ ખચોખચ ભરાઈ જતા રસપ્રદ મેચને જોવા માટે બહોળી સંખ્યામાં લોકો ઉમટયા હતા અને આહીર સમાજ દ્વારા આયોજિત આ ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન બદલ સૌ કોઈ લોકોએ આયોજકોને શુભેચ્છાઓને શુભકામનાઓ પાઠવી હતી.

# રાજકોટમાં ટેસ્ટ મેચનો જામ્યો માહોલઃ સ્ટેડીયમ બહાર ઉમટી ભીડ








(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજથી રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રીજા ટેસ્ટ મેચનો પ્રારંભ થયો છે. મેચના પ્રારંભે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ક્રિકેટમય વાતાવરણ સર્જાયું હતું. આજે જામનગર રોડ પર આવેલાં સ્ટેડિયમ ખાતે લોકોની ભીડ ટેસ્ટ મેચને જોવા ઉમટી હતી. બાળકોથી લઈ અબાલ વૃધ્ધોમાં પણ આ ટેસ્ટને લઈ આકર્ષણ છે. પોતાના મનગમતા સ્ટાર ક્રિકેટરોને જોવા ક્રિકેટ રસિયાઓ સ્ટેડિયમમાં ઉમટી પડયા હતાં. સ્ટેડિયમની બહાર પણ ક્રિકેટરોની ટીશર્ટ તેમજ તિરંગાએ આકર્ષણ જમાવ્યું હતું.

## રાજકોટ જિલ્લા ભાજપ મહિલા પ્રમુખ સોનલબેન વસાણીનો વાણી વિલાસઃ દ્વારકાના વ્યક્તિને બેફામ ગાળો ભાંડી

### ભદ્ર સમાજમાં ન સંભળાય તેવા અપશબ્દોની ઝળી વરસાવતો કથિત ઓડિયો વાયરલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બે દિવસથી ત્રણ ઓડિયો ફરતા થયા છે. જેમાં રાજકોટ જિલ્લા ભાજપના મહિલા મોરચાના પ્રમુખ દેવભૂમિ દ્વારકા પંથકના બે શખ્સ સાથે ફોન પર વાર્તાલાપ કરતા સંભળાય છે. ૮ મિનિટના આ ૩ ઓડિયોમાં મહિલા આગેવાન કાનમાંથી કીડા ખરી પડે તેવી ગાળો ભાંડે છે અને વાર્તાલાપમાં ૨૧ ગાળ બોલ્યા હતા, જ્યારે એ બંને શખ્સે પણ મહિલા આગેવાનને અપમાનિત કરતી પોસ્ટ સોશિયલ મીડિયામાં મૂકી હતી અને અંતે બંનેએ માફી માગી હતી. ઓડિયોમાં થયેલી વાતચીત મુજબ દ્વારકાના જયેશ નામના વ્યક્તિએ કુલ્ફી ખરીદ કરી હતી તે કુલ્ફીમાંથી મૃત માખી નીકળી હતી. જેથી જયેશે કુલ્ફીના વેપારી ગીર ગઢડાના રવિ ગંગદેવને ફોન કરી ધમકાવ્યા હતા અને કેસ કરવાની વાત કરી હતી. આ મામલે રવિ ગંગદેવે તેના પરિચિત રાજકોટ જિલ્લા ભાજપના મહિલા મોરચાના પ્રમુખ સોનલબેન વસાણીને ફોન કરી જાણ કરી હતી. સોનલબેને દ્વારકાના જયેશને ફોન કરી વેપારીને શા માટે ધમકાવો છો તેવી



વાતચીત શરૂ કરી હતી. જયેશે જેતે સમયે વાર્તાલાપ ટૂંકાવ્યો હતો. થોડીવાર બાદ જયેશે ફોન કર્યો હતો અને તેમાં ભાજપના આગેવાન સાથે વાત કરો તેમ કહી સોનલબેન સાથે મોહન નામના વ્યક્તિ સાથે વાત કરાવી હતી અને મોહને પોતાની ઓળખ ભાજપના આગેવાન તરીકે અને પોતે દિલ્હીમાં અમિત શાહની ઓફિસમાં બેસતો હોવાનું અને અમિત શાહના પુત્ર જય શાહને પણ ઓળખતો હોવાની વાત કરી હતી.

ત્યારબાદ બીજા દિવસે મોહને સોશિયલ મીડિયામાં સોલનબેનની શ્વાન સાથે સરખામણી કરતો હતો અને તેમને અપમાનિત કરતી પોસ્ટ સોશિયલ મીડિયામાં મૂકી હતી. આ મામલે સોનલબેને ફરીથી જયેશ અને મોહન સાથે ટેલિફોનિક વાત શરૂ કરી હતી અને જયેશ તથા મોહનને ગાળો ભાંડી હતી. સોનલબેનના શબ્દો કાનમાંથી કીડા ખરી પડે તેવા હતા. અલગ અલગ ત્રણ ઓડિયો ફરતા થયા હતા. ૮ મિનિટના ઓડિયોમાં મહિલા આગેવાન ૨૧ ગાળ બોલ્યા હતા. આ ઓડિયો ફરતા થતાં જ લોકોમાં ચર્ચા શરૂ થઇ હતી કે, ભાજપના મહિલા આગેવાન તમામ મર્યાદા નેવે મૂકીને આવું કઇ રીતે બોલી શકે?

આ અંગે સોનલબેન વસાણીનો સંપર્ક કરતાં તેમણે કહ્યું હતું કે, મોહને તેમના માટે સોશિયલ મીડિયામાં હીન કક્ષાની પોસ્ટ મૂકી હતી. એટલું જ નહીં તેમના સંવાદોમાં પણ છેડછાડ કરવામાં આવ્યો છે. આ અંગે તેમણે જેતે સમયે સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો પરંતુ મોહન અને જયેશે માફી માગતો વીડિયો ફરતો કરતાં અંતે વિવાદને સમેટી લીધો હતો. જોકે મહિલા આગેવાનની ભાષા અને તેના શબ્દો ચર્ચાનો વિષય બન્યા છે.

## રાજકોટ જિલ્લા પંચાયતનું નવા વર્ષનું ૯૪૫ કરોડનું બજેટ કારોબારીમાં મંજૂર

### ચૂંટણી વર્ષની ધ્યાનમાં રાખી ગ્રામ્ય પ્રજા પર કોઈ પણ જાતના નવા કરવેરા નાખવામાં આવ્યા નથીઃ નવા નાણાકીય વર્ષમાં સમગ્ર રાજકોટ જિલ્લાના વિકાસનો કોલ આપતા કારોબારી ચેરમેન પી.જી.ક્યાડા



(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર રાજકોટ**

આજે રાજકોટ જિલ્લાપંચાયતની કારોબારીની બેઠક નવા નાણાકીય વર્ષના ૨૦૨૪-૨૫ના અંદાજપત્ર માટે મળી હતી જેમાં નવા વર્ષ માટે ૯૪૫ કરોડનું બજેટ મંજૂર કરાયુંહતું. ગત વર્ષે આ બજેટ ૮૪૪ કરોડનું હતું. આજે મંજૂર કરાયેલું બજેટ આખરી મંજૂરી માટે આગામી તા.૨૨ના મળનારી સામાન્ય સભામાં મૂકાશે.

આજે કારોબારીની બેઠક ચેરમેન પી.જી.ક્યાડાના અધ્યક્ષસ્થાને મળી હતી જેમાં કુલ ૨૭ દરખાસ્તો પર ચર્ચા થઈ હતી. આ દરખાસ્તમાંથી સિંચાઈને લગતી મહત્તમ દરખાસ્ત સુધારાવધારા માટે પેન્ડીંગ રખાઈ હતી. જ્યારે અન્ય દરખાસ્તોને લીલીઝંડી અપાઈ હતી. આજે મળેલી કારોબારીની ખાસ બેઠકમાં નવા નાણાકીય વર્ષ માટેના ૯૪૫.૧૦ કરોડના અંદાજપત્રને બહાલી અપાઈ હતી. ૯૪૫.૧૦ કરોડના બજેટમાં ૧૫.૮૭ કરોડ સ્વભંડોળના, ૯૧૪.૫૫ કરોડના સરકારના અનુદાનના જ્યારે ૧૪.૬૮ કરોડ ડિપોઝીટ પેટેના છે. આ બજેટ રજૂ કર્યા બાદ કારોબારી ચેરમેન પી.જી.ક્યાડાએ જણાવ્યું હતું કે આ અંદાજપત્ર પૂરાંતવાળુ છે. ગ્રામ્ય પ્રજા પર કોઈ પણ જાતના કરવેરા નાખેલ નથી. સમગ્ર જિલ્લાનો વિકાસ થાય તે બાબત ધ્યાનમાં લેવાય છે.

કારોબારી સમિતિમાં રાજકોટ જિ.પંચાયતનું ૨૦૨૩-૨૪ સ્વભંડોળનું સુધારેલ અંદાજપત્ર ૧૭૨૫.૦૨ લાખ જ્યારે ૨૦૨૪-૨૫નું અંદાજપત્ર સ્વભંડોળમાં રૂ.૧૫૮૭૨૬ લાખ તેમજ ૨૦૨૩-૨૪ના રાજ્ય સરકાર તરફથી મળતા અનુદાનનું રૂ.૮૦૮૫૨.૬૬ લાખની અને દેવા વિભાગનું રૂ.૧૮૨૯.૬૭ લાખની કુલ જોગવાઈ છે તેમજ, ૨૦૨૪-૨૫ના રાજ્ય સરકાર તરફથી મળતા અનુદાનની રૂ.૯૧૪૫૫.૦૫ લાખની દેવા વિભાગની રૂ.૧૪૬૮.૩૮ લાખની કુલ જોગવાઈ મંજૂર કરવા સામાન્ય સભાની ભલામણ કરાઈ છે.

આજે મળેલી બેઠકમાં જિલ્લાવિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે, નાયબ જિલ્લા વિકાસઅધિકારી, કારોબારી સમિતિના સભ્યો અને શાખા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જિ.પં.ના સદસ્યની ગ્રાંટ ૨૫ લાખથી ઘટાડી ૨૨ લાખ કરાઈ

રાજકોટ જિલ્લા પંચાયતના નવા વર્ષના બજેટમાં સદસ્યોની ગ્રાંટ વધારવાને બદલે ઘટાડવામાં આવી છે. હાલ સદસ્યોને રૂ.૨૫ લાખની ગ્રાંટ મળે છે. જે ઘટાડી ૨૨ લાખ કરાઈ છે. આ સંદર્ભે કારોબારી અધ્યક્ષ પી.જી.ક્યાડાએ જણાવ્યું કે વિકાસના લગતા કામોમાં વધુ નાણા ફાળવવામાં આવ્યા હોય જેને કારણે ગ્રાંટમાં કાપ મૂકાયો છે. તેઓએ વધુમાં જણાવ્યું કે સુધારેલા અંદાજપત્રમાં ત્રણ લાખની ગ્રાંટ ફાળવી દેવામાં આવશે.

## એરપોર્ટમાં નોકરી આપવાની લાલચ આપી જૂનાગઢના ચાખવા ગામના યુવાન સાથે રૂા.૨૬.30 લાખની ઠગાઈ

### બે પરપ્રાંતિય શખ્સોની ભીંસ વધતા યુવાને રૂા.૩૨.૮૨ લાખ પરત આપવાનું લખાણ કરી આપ્યું

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢના ચાખવા ગામે એક બેરોજગાર યુવકને એરપોર્ટમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી ભોળવી અને યુવક પાસેથી લાખો રૂપિયા પડાવી લીધાની સીલ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા સમગ્ર પંથકમાં ચકચાર વ્યાપી જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ ચાખવા ગામે વાડલા ગલી તા.માંગરોળ ખાતે રહેતા અકિબખાન રહેમાનખાન બેલીમ ઉ.વ.૨૭ વાળા ને એરપોર્ટમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી આરોપી વૈભવ અશોક કુમાર મહેતા રહે.મુળ ડુંગરપુર રાજસ્થાન હાલ રહે. ઇન્દોર પ્રકાશ ગંગવાલ સાચુ નામ સંદીપ રતનલાલ જોષી રહે.ધાવડી જલારા તા.સલંબુર ઉદયપુર રાજસ્થાન વાળાઓએ ગુન્હાહીત કાવતરૂ રચી ફરીયાદી અકિબખાન રહેમાનખાન બેલીમને એરપોર્ટ વિભાગમાં અલગ અલગ પોસ્ટ ઉપર નોકરી આપવાનું કહિ એરપોર્ટ ઓથોરેટીના ખોટા કોલ લેટર બનાવી એરપોર્ટ વિભાગમાં કસ્ટમ અધિકારી તથા અન્ય જગ્યાઓ ઉપર નોકરી આપવાની લાલચ આપી બનાવટી કોલ લેટર કરી રૂ.૨૬,30,000. ની છેતરપીંડી ઠગાઈ કરી જે રૂપીયા પાછા આપવા માટે રૂ.૧૦૦. ના પાંચ સ્ટેમ્પ પેપર ઉપર ફરીયાદ નહિ કરવા રૂ.૩૨,૮૨,૦૦૦. નું લખાણ કરી બાહેધરી આપી જે રૂપીયા પરત નહિ આપી છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરી ગુન્હો કર્યા બાબત પોતાની ફરિયાદ શીલ પોલીસ મથકે આપતા પોલીસે એ સંદર્ભે ગુન્હો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે આ બનાવની તપાસ સીલ પોલીસ સ્ટેશન પી.એસ.આઈ એચ વી ચુડાસમા ચલાવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે આ ઘટનાને લઈને સમગ્ર પંથકમાં ચાર વ્યાપી જવા પામ્યો છે.

## મોચી બજારમાંથી આઠ વર્ષના નેપાળી બાળકનું અપહરણ

### પિતા પાસેથી પૈસા લઈ દુકાને ભાગ લેવા ગયા બાદ બાળક ગુમ થતા પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની મોચી બજારમાંથી આઠ વર્ષના બાળકનું અપહરણ થયાનો મામલો સામે આવતાં એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી બાળકની તપાસ હાથ ધરી હતી. મૂળ નેપાળી પરિવાર બરફના કારખાને કામ કરતો હતો ત્યારે બાળક પિતા પાસેથી રૂપિયા લઈ ભાગ લેવાં ગયાં બાદ લાપત્તા થતાં પરિવારજનોમાં પણ દોડધામ મચી ગઈ હતી. જાણવા મળતી વિગત મુજબ, મૂળ નેપાળના અને હાલ શહેરમાં મોચી બજારમાં આવેલ ભાગ્યોદય બરફના કારખાના પાછળ બરફના કારખાનાના રૂમમાં રહેતાં મૂળ નેપાળના વતની સુનિલભાઈ દિવાનભાઈ થાપાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ નેપાલથી બે મહિના પહેલાં રોજીરોટી રળવા પરીવાર સાથે રાજકોટ આવ્યા છે. તેઓને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. જેમાં સૌથી મોટો આઠ વર્ષનો પુત્ર ગઈકાલે સાંજના સમયે કારખાનાની બાજુમાં અન્ય બાળકો સાથે રમતો હતો. દરમિયાન સાંજના સાત વાગ્યે તે તેઓની પાસે આવ્યો હતો અને ભાગ લેવા માટે રૂપિયા માંગતા તેઓએ દસ રૂપિયા આપ્યા હતાં. જે બાદ તે મોચી બજારમાં ભાગ લેવા માટે ગયો હતો. જે બાદ મોડી રાત સુધીતે ઘરે પરત ન ફરતાં તેમની આસપાસના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી. સતત બે દિવસ તેમના આઠ વર્ષના પુત્રની શોધખોળ કર્યા બાદ પણ તે મળી ન આવતાં ચિંતિત પિતાએ ફરીયાદ નોંધાવી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેમનો પુત્ર અગાઉ પણ ત્રણ ચાર વખત બજારમાં ચાલ્યાં ગયાં બાદ છ-સાત કલાક બાદ ઘરે પરત ફરતો હતો. પરંતુ આ વખતે ચાર દિવસ થયે પણ તે પરત ન ફરતાં પરિવાર પર ચિંતાના વાદળો ઘેરાયા હતાં. બનાવ અંગે એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઈ બી.એચ.પરમાર અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે બાળકની શોધખોળ હાથ ધરી હતી.

## મેટોડામાં યુવાન અને શ્યામનગરમાં પ્રૌઢનું બેભાન થઈ જતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર આવેલાં મેટોડામાં રહેતો વિશાલ શર્મા નામનો યુવકઘરે હતો ત્યારે બેભાન થઈ ઢળી પડ્યો હતો.તેમજ મહેશભાઈ શુક્લ નામના આધેડ ઘરે નીંદરમાં જ હાર્ટ એટેક આવી જતા બંનેનું મોત નિપજયું હતું.

આ અંગેની માહિતી મુજબ મેટોડા જીઆઈડીસીમાં અંજલી પાર્કમાં રહેતો વિશાલ જયેશભાઈ શર્મા (ઉ.વ ૨૯) આજે સવારે ઘરે હતો ત્યારે અચાનક પસીનો તેમજ ચક્કર આવતા બેભાન ઢળી પડ્યો હતો. યુવકને તાકિદે સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતો.બનાવ અંગે જાણ થતા શાપર પોલીસનો સ્ટાફ હોસ્પિટલે પોંહચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક મૂળ સોમનાથ (વેરાવળ)નો વતની હતો.અને થોડાક સમયથી પરિવાર સાથે શાપરમાં રહેતો




હોય.યુવકના મોતથી પરિવારમાં ભારે આક્રંદ મચી જવા પામ્યો હતો.

અન્ય એક બનાવમાં નાના મવા રોડ પર શ્યામ નગર-૧ માં રહેતા મહેશભાઈ નાથાભાઈ શુકલ (ઉ.વ.૫૩) ને અઠવાડિયા પહેલા છાતીમાં દુખાવા થતાં વોકહાર્ટ હોસ્પિટલમાં સારવારમાં હતા.ત્યાં સારવાર દરમિયાન સારું થઈ જતા ઘરે આવી ગયા હતા. બાદમાં તેઓ ઘરે હતા ત્યારે રાત્રીના નીંદરમાં જ હાર્ટ એટેક આવી જતા.પરિવાર દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડતા તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે જાણ થતા માલવિયા પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક નિવૃત જીવન જીવતા હતા. તેઓને સંતાનમાં બે પુત્ર છે. બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

## રાણાવાવ પાસે જંગલમાં પોરબંદરના યુવાનની હત્યા કરાયેલી લાશ મળી

### પોરબંદર પોલીસે ભંગારના ધંધાર્થી મૃતક યુવાનની પત્નીની ફરિયાદ નોંધી હત્યારાને ઝડપી લેવા કવાયત હાથ ધરી

**મુખ્ય સમાચાર, પોરબંદર**

રાણાવાવના રાણા બોરડી નજીક જંગલ વિસ્તારમાંથી પોરબંદરના યુવાનનો પથ્થર વડે માથું છુન્દાયેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે જે મામલે પોલીસે મૃતકના પત્નીને ફરીયાદી બનાવી હત્યા અંગે નો ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરી છે.

પોરબંદરના ગાયત્રી મંદિર નજીક આવેલા રવિ પાર્કમાં રહેતો અને ભંગારનો ધંધો કરતો સવજી લક્ષમણભાઈ પરમાર (ઉવ ૪૦) ગઈકાલે તેની રીક્ષા લઈ ઘરેથી ભંગાર લેવા માટે નીકળ્યો હતો.પરંતુ ત્યારબાદ પરત ફર્યો ન હતો. આથી તેના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. જેમાં સવજી રાણાવાવ પંથકના દોલતગઢ ગામ તરફ ગયો હોવાનું જાણવા મળતા પરિવારજનોએ દોલતગઢ ગામે જઈ પૂછપરછ હાથ ધરી હતી. ત્યારે એવી માહિતી મળી હતી કે તે રાણા બોરડી તરફના રસ્તે ગયો છે. આથી આ રસ્તા પર શોધખોળ હાથ ધરતા તેની છકડો રીક્ષા મળી આવી હતી, ત્યારબાદ રાણા બોરડીથી દોલતગઢ ગામના રસ્તે જંગલ જેવા વિસ્તારમાંથી આજે બપોરે સવજી નો મૃતદેહ પણ મળી આવ્યો હતો.જે અંગે જાણ થતા રાણાવાવ પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પી.એમ. માટે મોકલી તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રાથમિક તપાસમાં આ યુવાનની માથામાં પથ્થરના ઘા ઝીંકી તેની હત્યા નિપજાવાઈ હોવાનું સામે આવ્યું છે જો કે બપોર ના મૃતદેહ મળી આવ્યા બાદ રાત્રે ૮ વાગ્યે પણ રાણાવાવ પોલીસ મથક ના પીએસઓ એ હજુ સુધી ગુન્હો નોંધાયો નહોવાના અને તપાસ ચાલુ હોવાના તથા કોઈ માહિતી ન હોવાના ગાણા ગાયા હતા બાદ માં ઉચ્ચ અધિકારી નો સંપર્ક કરતા તેઓએ હત્યા થઈ હોવાનું અને મૃતક ના પત્ની ને ફરીયાદી બનાવી શકમંદ તરીકે અન્ય ભંગાર ના ધંધાર્થી રીક્ષા ચાલક સામે હત્યા અંગે ગુન્હો નોંધાયો હોવાનું જણાવ્યું હતું.

## મોરબીને સુઘડ અને સ્વચ્છ રાખવા પાલિકા ચીફ ઓફિસર દ્વારા નગરજનોને અપીલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નગરપાલિકા ચીફ ઓફિસર દ્વારા આજરોજ પ્રેસ કોન્ફરન્સ યોજી મોરબીના નગરજનોને અપીલ કરવામાં આવી હતી કે જ્યાં ત્યાં કચરો ન નાખી પાલિકા દ્વારા કચરા કલેક્શન વેન જે ડોર ટુ ડોર આવે તેમાં નાખી મોરબીને સુઘડ અને સ્વચ્છ બનાવવા માટે પૂરતો સહયોગ આપવાની અપીલ કરવામાં આવી છે.

મોરબી નગરપાલિકા ચીફ ઓફિસર સુશીલ પરમાર દ્વારા મોરબીવાસીઓને અપીલ કરી જણાવ્યું હતું કે ૧ જાન્યુ. ૨૦૨૪ થી મોરબીના તમામ વોર્ડમાં ડોર ટુ ડોર કચરા કલેક્શન માટેનો ખાનગી



એજન્સીને કોંટ્રાક્ટ આપ્યો છે તેના દ્વારા મોરબીના અલગ અલગ વિસ્તારમાં આશરે ૨૮ જેટલા વાહનો રાખી જુદા-જુદા રૂટ બનાવી ડોર ટુ ડોર કચરા કલેક્શન કરવા વેન આવે છે. જેમાં ભીનો અને સૂકો કચરો રાખવાની જોગવાઈ પણ કરવામાં આવી હોવાથી રોડ ઉપર કે અન્ય જગ્યાએ જ્યાં-ત્યાં કચરો ન નાખી મોરબીને સ્વચ્છ અને સુઘડ બનાવવા સહયોગ કરે. આ ઉપરાંત લોકોની ફરિયાદ હોય છે કે કાર્બેજ વેન ત્યાં આવતી ન હોય તે માટે પણ આગામી ૧૫ દિવસ એક સફાઈ ઝુંબેશ ચલાવી ટીમ બનાવી જ્યાં જ્યાં આવા કચરા નાખવાના પોઇન્ટ બનાવ્યા હોય તદ્પરાંત લોકો દ્વારા કચરાના પોઇન્ટ બનાવી દીધા હોય તેની સાફ સફાઈ અભિયાન શરુ કરવામાં આવશે ત્યારે અંતમાં પાલિકા ચીફ ઓફિસર દ્વારા વધુ એકવાર તમામ નગરજનોને અપીલ કરી છે કે જ્યાં ત્યાં કચરો ન નાખી સહયોગ આપો તેથી આવનારા દિવસોમાં મોરબી શહેરને સુંદર અને સ્વચ્છ નિહાળી શકીયે.

## જંગલેશ્વરમાં એકસેસ બાઈકમાં ૧૧ કીલો ગાંજો લઈ નીકળેલો સગીર ઝડપાયો

### ભક્તિનગર પોલીસે ધરપકડ કરી રૂા.૧.૭૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ ત્રણ શખ્સોની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં માદક પદાર્થોની ફેરાફેરી ઉપર ખાસ વોચ રાખવાની સુચના અન્વયે ભક્તિનગર પોલીસે બાતમી આધારે જંગલેશ્વર વિસ્તારમાં વોચ ગોઠવી એક્સેસમાં ગાંજાનો ૧૧ કિલો જથ્થો લઈને નીકળેલા સગીરને દબોચી લઇ વાહન, ગાંજો, મોબિલ સહીત ૧,૭૦,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં માદક પદાર્થોના ખેપિયાઓ અને વેચાણ કરતા શખસો ઉપર વિશેષ ધ્યાન રાખવાની સુચના અન્વયે ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ એમ એમ સરવૈયા સહિતના સ્ટાફે બાતમી આધારે જંગલેશ્વર શેરી નંબર ૯ના ખૂણે વોચ ગોઠવી હતી વોચ દરમિયાન બાતમીવાળો શખસ એક્સેસ લઈને નીકળતા અટકાવી જડતી લેતા તેની પાસેથી રૂ. ૧.૧૦ લાખની કિંમતનો ૧૧ કિલો ગાંજો મળી આવતા તેને સકંજામાં લઈ તપાસ કરતા આ જ વિસ્તારમાં રહેતો ૧૬ વર્ષીય સગીર હોવાનું જાણવા મળ્યું હતું પોલીસે એફએસએલ પરીક્ષણ કરાવતા ગાંજો જ હોવાનું ફ્લીત થતા પોલીસે ગાંજો, વાહન, મોબાઈલ સહીત ૧,૭૦,૧૦૦નો મુદ્દામાલ કબજે કરી વિશેષ પુછતાછ કરતા જંગલેશ્વરના જ દાનીશ ઉર્ફે ભગો હનીફસાઈ માજોઠી, હબીબ હારૂનભાઈ ખીયાણી અને એક હિન્દીભાષી ભૈયાનું નામ ખૂલતા પોલીસે ચારેય સામે ગુનો નોંધી સગીરની ધરપકડ કરી અન્ય ત્રણ શખસોની શોધખોળ હાથ ધરી છે. તેમજ વધુ આ ફરાર ત્રિપુટી પકડાયા બાદ આ ગાંજો ક્યાંથી આવ્યો સહીતની માહીતી બહાર આવશે.

# નવી કોર્ટ બિલ્ડીંગ પાસે શિવસાગર સોસાયટીમાં મહિલાની હત્યાઃ પતિ શંકાના દાયરામાં

## મિસ્ત્રી કામ કરતો પતિ સાંજે ઘરે આવ્યો ત્યારે પત્નીની હત્યા કરાયેલી લાશ મળી : યુનિવર્સિટી પોલીસે પતિ અલ્પેશ વરૂની ફરિયાદ નોંધી : ક્રાઈમ બ્રાંચે પતિની આગવી ઢબે પુછપરછ હાથ ધરી








(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર નવી કોર્ટ બિલ્ડીંગ પાસે શિવસાગર સોસાયટીમાં મહિલાની કાતરના ઘા ઝીંકી ક્રૂર હત્યા કરવામાં આવી છે. પતિ કામ પર હોઈ રાત્રે ઘરે આવ્યો ત્યારે પત્નીની હત્યા કરાયેલી લાશ મળતા અને કબાટમાંથી સોનાના દાગીના ગાયબ જણાતા પોલીસને જાણ કરી હતી. યુનિવર્સિટી પોલીસે હત્યા લૂંટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ મૃતક મહિલા હેમાલીબેન (ઉ.વ.૨૭)ના પતિ અલ્પેશભાઈ પરસોતમભાઈ વરૂ (ઉ.વ. ૩૫ ધંધો-મીષીકામ રહે-જામનગર રોડ ન્યુ કોર્ટ બિલ્ડીંગ સામે શિવસાગર સોસાયટી શેરી નં.૧ મોમભાઈ ભરવાડના મકાનમાં ભાડેથી રાજકોટ મુળ રહે-કેશોદ જુના કુંભારવાડા)ની ફરિયાદ પરથી ગુનો દાખલ કર્યો છે.

અલ્પેશભાઈએ જણાવ્યું છે મારા પત્ની હેમાલી મવડી ચોકડી પાસે પેટ્રોલ પંપ બાજુમા પંદર વીસ દિવસથી ટુર બુકીંગ ઓફીસમા કામ કરતા હતા. સવારના નવેક વાગ્યે હું તથા મારા પત્ની હેમાલીબેન મારૂ મોટરસાયકલ લઇ અમારા કામ ઉપર ગયેલ હતા. હુ મારા કામ ઉપર રૈયા ચોકડી પાસે મારા પત્નીને ઉતારી મારી દીકરી રૂહીને મારી પાસે રાખેલ હતી. બાદ સાડા અગીયારેક વાગ્યે હું મારા પત્નીની ઓફીસે રજા લેવા ગયેલ હતો. ત્યાંથી તેમના શેઠ પાસેથી રજા લઇ અમો બપોરના સાડા બારેક વાગ્યે અમારા ઘરે પહોંચેલ અને મારા પત્નીએ ખીચડી બનાવેલ હતી. અમો ત્રણેય જમ્યા હતાં. બાદ બપોરના બે વાગ્યે હું પાછો મારા કામ ઉપર ચંદનપાર્ક ખાતે ગયેલ હતો

રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામાં હું મારા ઘરે પહોંચેલ હતો. વાહન ઘરની સામે પાર્ક કરી ઘરમાં ગયેલ બેડરૂમની લાઇટ બંધ હોઇ મેં લાઇટ ચાલુ કરતા મારી દીકરી દોડીને મને બથ ભરી ગયેલ અને મેં રૂમમાં જોતા સેટી પલંગ ઉપર મારા પત્ની લોહી લુહાણ હાલતમાં પડેલ હોઇ જેથી હું તુર્તજ મારી દિકરીને લઈને તે રૂમમાંથી બહાર નીકળી ગયેલ અને બાજુના રૂમમાં જોતા કબાટનો સામાન વેરવિખેર હાલતમાં પડેલ જોવામાં આવેલ. જેથી હું ઘરની બહાર નીકળી ગયેલ અને મારી બાજુમાં રહેતા હિતેશભાઈના ભાઈ ભાવેશભાઈ અને અમારા મકાન માલીક મોમભાઈ ભરવાડનો ઢોર ડેલો બાજુમાં હોય તેમને આ બનાવની જાણ કરેલ અને આ ભાવેભાઈ તથા મોમભાઇ ભરવાડ અને બીજા માણસો મારા ઘરમાં અંદર ગયેલ હતા. તેઓએ રૂમમાં તપાસ કરતા મારા પત્ની હેમાલી સેટીપલંગ ઉપર મૃત હાલતમાં પડેલ હતા. બાજુના રૂમમાં કબાટ માંથી સામાન વેરવિખેર હાલતમાં પડેલ હોવાની મને વાત કરેલ હતી. બાદ મોમભાઈએ પોલીસ સ્ટેશન તથા ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફોનથી જાણ કરતા થોડીવારમાં પોલીસ તથા ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ગયેલ અને ડોક્ટરે મારા પત્ની હેમાલીને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતાં.

પત્નીને ગળાના ભાગે ઇજાના નિશાન હતા જેમાથી લોહી નીકળતુ હતુ અને સેટીપલંગ ઉપર મારી પત્નીના ડાબા હાથ પાસે એક કાતર પડેલ હતી. બાજુના રૂમમાં જોતા કબાટમાં રાખેલ સોનાનો ચેઇન, સોનાની વીંટી, સોનાની લકકી કબાટમાં ક્યાંય જોવામાં આવેલ નહી. બાદ મારા પત્નીની લાશને પી.એમ. માટે સરકારી હોસ્પીટલ ખાતે લઇ ગયેલ હતા. પીઆઇ બી.પી.રજીયા, રાજેશભાઇ, કેતનભાઇ, લક્ષમણભાઈ સહિતે ગુનો નોંધી પતિની વિશેષ પૂછપરછ કરી વિગતો મેળવવા તજવીજ હાથ ધરી છે. બનાવ બાદ પોલીસે પતિની ઉંડાણપૂર્વક પુછપરછ હાથ ધરી છે.

# મુળીના લીમલી ગામે બે જુથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણુંઃ ચાર રાઉન્ડ ફાયરિંગ

## બંને પક્ષ સામસામે અથડામણમાં ૧૨ લોકો ઘાયલ થતા સારવારમાં ખસેડાયાઃ પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો







**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના લીમલી ગામે બે અલગ અલગ જ્ઞાતિઓના જૂથો વચ્ચે જૂથ અથડામણમાં ૪ રાઉન્ડ ફાયરિંગની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. આ જૂથ અથડામણની ઘટનામાં કુલ ૧૨ લોકોને ગંભીર ઇજાઓ પહોંચી હતી. જેમાં પાઇપ, ધોકા અને ધારીયા સહિતના ઘાતક હથિયારો વડે હુમલો કરવામાં આવ્યો હતો.

મુળી તાલુકાના લીમલી ગામે આવેલા જનરલ સ્ટોર પર સામાન્ય બોલાચાલી બાદ બે જૂથો સામસામે આવી ગયા હતા. જેમાં ૪ રાઉન્ડ ફાયરિંગ પણ કરવામાં આવ્યા હતા. જેમાં આ ઘટનામાં ઇજાગ્રસ્તોને સારવાર માટે સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ ખાતે ખસેડવામાં આવ્યા હતા.આ જૂથ અથડામણની ઘટનાને લઈ પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. જ્યારે મુળી તાલુકાના લીમલી ગામમાં શાંતિ જળવાઈ તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ કેસની વધુ તપાસ મુળી પોલીસ ચલાવી રહી છે.

# ભક્તિનગર સર્કલ પાસે આરટીઓ એજન્ટના બંધ મકાનમાંથી રૂા.૩.૫૦ લાખની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભક્તિનગર સર્કલ નજીક કાંતા સ્ત્રી વિકાસ ગ્રહ પાસે રહેતા આર.ટી.ઓ. એજન્ટના બંધ મકાનના તાળા તોડી રૂ. ૩.૫૦ લાખની કોઈ તસ્કરો ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, કાંતા સ્ત્રી વિકાસ ગ્રહ પાસે રહેતા અને આર.ટી.ઓ.માં એજન્ટ તરીકે કામ કરતા ધીરજલાલ રતિલાલ પોપટાણીએ ફરિયાદ કરી હતી.ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના પત્નીનું અવસાન થયું હોય અને એક પુત્રી સાસરે હોઈ તે એકલા રહેતા હોય બપોરે ઘરે તાળું મારી કામ બાબતે આર.ટી.ઓ. ઓફિસે ગયા હતા અને સાંજે પરત આવતા તેના મકાનનું તાળું તોડી અને મકાનના રૂમમાં પાછળનો દરવાજો તોડી નાખવામાં આવેલ હોય અને મકાનમાં સામાન પણ વેર વીખેર હોઈ ચોરી થયાની શંકાએ તપાસ કરતા કબાટનું લોક પણ તોડી નાખેલ હોય અને તેના ખાનામાં રાખેલા રૂ. ૩.૫૦ લાખની રોકડ જોવામાં આવેલ ન હોય તેમજ ચાંદીના સિક્કા ગાયબ હોય પોલીસને જાણ કરી હોવાનું જણાવતા ભક્તિનગર પોલીસ મથકના પી.એસ.આઈ. પી.જી. રોહડીયા સહિતના સ્ટાફે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી તસ્કરોને ઝડપી લેવા મથામણ કરી છે.

# પુત્રને જન્મ આપનાર પરિણીતાનું ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોતઃ તબિબી બેદરકારીનો આક્ષેપ

## પરિવારજનોના ગંભીર આક્ષેપ બાદ મૃતદેહ ફોરેન્સીક પીએમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના થોરાળા મેઈન રોડ બાપા સિતારામ સોસાયટીમાં રહેતા ૧૯ વર્ષના પરિણીતાને ગઈ તા.૧૧ના રોજ પ્રસુતાની પીડા ઉપડતાં તેમને તુરંત ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ત્યાં તેણીએ પુત્રને જન્મ આપ્યા બાદ તબિયત લથડતાં પરિણીતાને તુરંત અન્ય ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. ત્યાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજતાં તેમના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. તેમજ પરિણીતાના મોતને લઈ તેમના પરિવારજનોએ હોબાળો મચાવ્યો હતો અને તબીબી બેદરકારીનો ગંભીર આક્ષેપ કરતાં મૃતકનું ફોરેન્સીક પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું હતું.

આ અંગેની માહિતી મુજબ થોરાળા મેઈન રોડ પર આવેલી બાપાસિતારામ સોસાયટી શેરી નં.૪માં રહેતા નંદનીબેન સુનિલભાઈ રાઠોડ નામનો દેવીપૂજક પરિણીતાને ગઈ તા.૧૧ના રોજ પ્રસુતાની પીડા ઉપડતાં તેમને સૌપ્રથમ સતનામ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યાં તેમણે પુત્રને જન્મ આપ્યો હતો. ત્યારબાદ નંદનીબેનને આંચકી ઉપડતાં ત્યાંથી ખાનગી હોસિપટલ સારવાર માટે ખસેડવામાં આવી હતી. ત્યાં તેણીની સારવાર દરમિયાન સાંજના સમયે તેમનું મૃત્યુ નિપજ્યું હતું. ત્યારબાદ પરિણીતાના મૃત્યુથી પરિવારજનોએ તબીબી બેદરકારીનો આક્ષેપ લગાવી દેકારો મચાવ્યો હતો અને આ બનાવની જાણ થતાં માલવીયા પોલીસ મથકના સ્ટાફ તુરંત ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરિવારજનોએ આક્ષેપો કરતાં કહ્યું હતું કે બન્ને હોસ્પિટલનાં તબીબોએ અમોને અંધારામાં રાખ્યા હતાં અને કોઈ બાબતની જાણ શુધ્ધા પણ કરી નહોતી. તેણીને લોહી ચડાવ્યું તે વાત પણ કરી નહોતી. નંદનીબેનને માવતર કુંબલીયાપરામાં છે તેમના પિતાનું નામ ઉમેશભાઈ રઘુભાઈ સોલંકી છે. પોતે બે ભાઈ ચાર બહેનમાં મોટી અને તેમના લગ્નને એક વર્ષ થયું છે. ત્યારે પરિવારમાં એક બાજુ પુત્ર રત્નનો હરખ અને બીજી બાજુ જનેતાએ આંખ મીચી દેતા પરિવારમાં અરેરાટી મચી ગઈ હતી.

# ચેક રિટર્ન કેસમાં શિક્ષિકાને એક વર્ષની જેલની સજા

## રૂા.૧.૫૦ લાખ એક મહિનામાં પરત ન આવે તો વધુ ૬ મહિનાની સજાનો હુકમ કરતી કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શિક્ષીકાએ મિત્રતાના સબંધે લીધેલા નાણાં ચૂકવવા આપેલો ચેક પરત ફરવાના ગુનામાં કોર્ટે શિક્ષિકાને એક વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ રૂ.૧.૫૦ લાખ વળતર પેટે એક માસમાં ન ચુકવે તો વધુ ૬ માસની સજા ફરમાવ્યો છે.આ કેસની હકીકત મુજબ ફરીયાદી મયુરભાઈ છબીલદાસ શાહે રૂપાલીબેન ધર્મેશભાઈ રાવલને મિત્રતાના સબંધે રૂ.૧.૫૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. અને જે રકમ ફરીયાદી મયુર શાહે રકમ પરત માંતુ રૂપલબેને સુલે રૂ.૧.૫૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક રીટર્ન થતા ફરિયાદીએ પોતાના એડવોકેટ મારફતે લીગલ નોટીસ આપેલ તેમ છતાં આરોપીએ રકમ પરત ન ચુકવતા ફરીયાદીએ રાજકોટની કોર્ટમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆતો બાદ ફરિયાદી પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલોલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટ દ્વારા આરોપી રૂપાલીબેન ધર્મેશભાઈ રાવલને એક વર્ષની સાદી કેદની સજા અને ચેક મુજબની રકમ રૂ.૧.૫૦ લાખ વળતર પેટે એક માસમાં ન ચુકવે તો વધુ ૬ માસની સજા ફરમાવ્યો છે.આ કેસમાં ફરીયાદી વતી રાજકોટના એડવોકેટ રક્ષિત વી. કલોલા, અશ્વિન ડી. પાડલીયા, રાહુલ બી. મકવાણા, રવિરાજ રાઠોડ, ભાર્ગવ ડી. બોડા અને યશરાજસિંહ એમ. જાડેજા રોકાયા હતા.

# વિંછીયાના હાથસણી ગામના બે શખ્સોના હથિયાર સાથેના ફોટા વાયરલ થતા ધરપકડ

## રૂરલ એસઓજીની ટીમે હથિયાર કબ્જે કરી પરવાનેદાર સહિત બે સામે કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, આટકોટ**

આટકોટ રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં ગેરકાયદેસર રીતે હથિયાર રાખતા ઇસમો તથા હથિયાર પરવાનો કે લાયસન્સ ન હોવા છતા સમાજમાં ભય ઉભો કરવાના ઈરાદે પોતાના તેમજ શોખ ખાતર હથિયારથી સોશ્યલ મીડીયામાં ફોટોઓ અપલોડ કરતા ઇસમો ઉપર વોચ રાખી વધુને વધુ કેસો કરવા સુચના કરવામાં આવેલ હોય, જેથી એસ.ઓ.જી શાખાના, પોલીસ ઇન્સપેક્ટર બી.સી. મીયાત્રા એસ.ઓ.જી. શાખાના સ્ટાફ સાથે વિંછીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીં માં હતા.

દરમ્યાન સંયુક્ત બાતમી આધારે હકિકત મળેલ કે, વિછીયા તાલુકાના હાથસણી ગામના મુકેશભાઇ ઉર્ફે મામૈયાભાઈ આલાભાઈ હાડગરડા પાસે કોઈ હથિયાર પરવાનો કે લાયસન્સ ન હોવા છતા સમાજમાં ભય ઉભો કરવાના ઈરાદે તેમજ પોતાના શોખ ખાતર પરવાનાવાળા



બારબોરના હથિયારથી ફોટોઓ પાડી પોતાના ફેસબુક આઈ-ડીમાં ફોટોઓ અપલોડ કરેલ હોય તેમજ પરવાનેદાર લાખાભાઈ વજાભાઈ સોહલા (રહે, અજમેર ગામ તા-વિંછીયા જી-રાજકોટવાળા)એ પોતાનું લાયસન્સવાળુ હથિયાર બંધુક અન્ય લાયસન્સ વગરનાને ઉપયોગ કરવા આપતા બન્ને ઇસમોએ આર્મ્સ એકટ મુજબનો ગુન્હો કરતા વિંછીયા પો.સ્ટે ખાતે ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે પકડાયેલ આરોપીઓમાં મુકેશભાઇ ઉર્ફે મામૈયાભાઈ આલાભાઈ હાડ ગરડ ો (ભરવાડ શ.લ-શહ ધંધો-મજુરી % પશુપાલ ન રહે, હાથસણી ક મ તા-વિંછીયા જી-રાજકોટ), લાખાભાઈ વજાભાઈ સોહલા (ભરવાડ ઉ.વ- ૪૦ ધંધો-ખેતી તથા પશુપાલન રહે, અજમેર ગામ તા-વિંછીયા જી-રાજકોટ), કબ્જે કરેલ મુદામાલમાં એક બાર બોર ડબલ બેરલનુ પાકરક્ષણનુ હથીયાર કિંમત રૂા.૨૫,૦૦૦. એસ. ઓ.જી.શાખા રાજકોટ ગ્રામ્યના, પોલીસ ઇન્સ્પેક્ટર બી.સી.મીયાત્રા તથા એ.એસ. આઇ અતુલભાઈ ડાભીએ કામગીરી હાથ ધરી હતી.

# મહિલાને આત્મહત્યાના વિચારોમાંથી મુક્ત કરાવી નવું જીવન જીવવાની પ્રેરણા આપતી અભયમની ટીમ

## કુશળ કાઉન્સેલિંગ દ્વારા જીવ બચાવી બોટાદની ૧૮૧ અભયમની ટીમે મહિલાને નવું જીવન આપ્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યમાં દ્વારા ૧૮૧ અભ્યમ મહિલા હેલ્પ લાઇન ૨૪ સ૭કલાક સતત મહીલાઓ માટે કામ કરી રહી છે બોટાદ મહિલા હેલ્પ લાઇન માં એક જાગૃત નાગરિકનો કોલ આવેલ કે એક મહિલા નવનાળા પાસે આત્મહત્યા કરવાના ઈરાદાથી આવ્યા છે અને રડે છે અમે બધાએ તેમને રોકી રાખ્યા છે તમે જલ્દી આવો ને મદદ કરો.૧૮૧ ટીમના કાઉન્સેલર પરમાર જલ્પાબેન, કોન્સટેબલ ઝાંઝરૂકિયા હિરલબેન, પાયલોટ જમોડ હરેશભાઈ સ્ટાફ સાથે ઘટના સ્થળ ઉપર ગણતરીની મિનિટમાં દોડી ગયેલ .પીડિત મહિલાને મળતા જાણવા મળેલ કે તેઓ ખુબ જ ગભરાય ગયા હતા.ક્ય જ બોલતા નથી અને રડયા કરે છે અને




સાથે એક નવજાત બાળક પણ છે ત્યાંના લોકોએ જણાવેલ કે તેઓ એક કલાક થી રેલનાપાટા ઉપર બેઠા છે અને રડે છે ૧૮૧ની ટીમે મહિલાને શાંત્વના આપી વિશ્વાસમાં લઈ અને જિંદગીમાં આવેલ મુશ્કેલીઓનું નિરાકરણ આત્મહત્યા નથી તેવી સમજણ આપતાં મહિલાયે તેની આપવીતી કહેતા જણાવ્યું કે તેમની ડિલિવરીને હજી ૧૦ દિવસ થયા છે અને તેઓ તેમના પતિ સાથે દવાખાને ટાકા તોડાવવા માટે આવ્યા હતા. ત્યારે તેમના પતિના ફોન માં કોઈનો ફોન આવતો હતો તો મહિલાએ ફોન માંગ્યો ત્યારે પતીએ ફોન આપવાની ના પાડી અને જગડો કરી અપશબ્દો બોલેલ અને મારપીટ કરેલ જેથી મહિલાને દિલ ઉપર લાગી આવ્યા તેમના ૧૦ દિવસના બાળક ને લઈને પાટે આવી ગયેલ. ત્યારબાદ મહિલાના પતિનો કોન્ટેક્ટ કરી પતિ સાથે વાતચીત કરી અને સમજાવવાના પ્રયત્ન કરેલ તેમજ કાયદાકીય સમજણ આપેલ ત્યારબાદ પીડિતાના પતિએ જણાવેલ કે હવે પછી કોઈ દિવસ મહિલા સાથે ઝગડો નહીં કરે અને સારી રીતે સાચવશે. ત્યારબાદ પીડિતાની મરજીથી તેમજ રાજી ખુશીથી તેઓના હસતા ચહેરા સાથે પતિને સોંપવામાં આવેલ. આમ મહિલાને મોતના મુખમાંથી બચાવી પતિ - પત્ની બંનેનું સુખદ સમાધાન કરવામાં આવ્યું હતું.

# મોરબીના ચકચારી હત્યા અને ગુજસીટોકના ગુનામાં બે આરોપીના જામીન મંજુર

## હાઈકોર્ટમાં અરજી કરતા કોર્ટે જામીન મુકત કર્યાઃ બે વર્ષ પૂર્વે નામચીન મમુ દાઢીના ખુન કેસમાં બંને શખ્સો ઝડપાયા હતા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ચકચારી મમુ દાઢીના મર્ડર કેસમાં સંડોવાયેલી ગેંગ વિરુદ્ધ ગુજસીટોકની કલમનો ઉમેરો કરી હતી. જે ગુનામાં જેલ હવાલે રહેલા બે આરોપીને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ મોરબીના નામચીન હનીફ ગુલામભાઈ કાસમાણી (મમુ દાઢી) સપ્ટેમ્બર-૨૦૨૧ ના સમયગાળા દરમ્યાન રાજકોટથી પરત આવતા હતા આરોપીઓએ અગાઉના ઝઘડાનો ખાર રાખી મોરબીના ભક્તિનગર સર્કલ પાસે કાર રોકી પિસ્તોલ તથા અન્ય અગ્નિશસ્ત્ર હથિયાર તેમજ લોખંડના પાઈપ, ધોકા ધારણ કરી ગાડી પર આડેધડ ફાયરીંગ કરી હનીફ ગુલામભાઈ કાસમાણી (મમુ દાઢી)



મોત નિપજાવી અને અન્ય સાહેદને ગંભીર ઈજા પહોંચાડવા સબબની ફરીયાદ મૃતકના પુત્ર મકબુલ મહમદહનીફ કાસમાણીએ મોરબી સીટી'' એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જે ફરીયાદના અનુસંધાને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતો. આરીફ મીર ગેંગના સભ્યો ગુનાહીત પ્રવૃતિઓ આચરતા હોવાથી તપાસનીશ અધિકારી ધ્વારા ગુજસીટોકની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો હતો. તપાસનીશ અધિકારી ધ્વારા તમામ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા સ્પેશ્યલ અદાલતમાં ચાર્જશીટ રજુ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ આરોપી ઈરફાન અલ્લારખાભાઈ ચીચોદરા અને કૌશલ ઉર્ફે કવો રમેશભાઈ રામાનુજ દ્વારા હાઈકોર્ટમાં જામીન મુકત થવા અરજી કરવામાં આવી હતી. જે અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષોની દલીલો, તપાસના કાગળો તથા કાયદાકીય પરીસ્થિતીને લક્ષમાં લઈને હાઈકોટના ન્યાયાધીશ ડી.એ.જોષીએ બંને આરોપીને જામીન મુકત કરવામાં હુકમ કર્યો છે..

આ કેસમાં આરોપીઓ વતી અમદાવાદના એડવોકેટ જે.એમ. પંચાલ અને કૃણાલ શાહી તેમજ રાજકોટના એડવોકેટ લલિતસિંહ જે. શાહી, ભુવનેશ એલ. શાહી, સી.એમ. દક્ષિણી, યોગેશ બારોટ, સુરેશ ફળદુ, મનીષ ગુરૂંગ, નિશાંત જોષી અને અભીજીતસિંહ પરમાર રોકાયા હતા.